# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-03-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM મન કી બાત:

**પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું કે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિએ ભારતની ઉર્જા જરૂરિયાતો માટે પડકાર ઉભો કર્યો છે. આકાશવાણી  રેડિયો પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં, શ્રી મોદીએ કહ્યું કે આ મુશ્કેલ સમય છે.**

**પ્રધાનમંત્રી મોદીએ જ્ઞાન ભારતમ સર્વે પર ભાર મૂક્યો, જે ભારતની મહાન સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરવામાં જનભાગીદારીની ભાવના દર્શાવે છે.**

**પ્રધાનમંત્રીએ તાજેતરના T20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમની ઐતિહાસિક જીત પર ગર્વ વ્યક્ત કર્યો.છેલ્લા 11 વર્ષોમાં, જલ સંચય અભિયાને લોકોમાં નોંધપાત્ર જાગૃતિ લાવી છે. આ અભિયાન હેઠળ, દેશભરમાં લગભગ 5 મિલિયન કૃત્રિમ પાણી સંગ્રહ માળખા બનાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો પ્રભાવ દેશના દરેક ખૂણામાં અનુભવાઈ રહ્યો છે.**

---

## આવતીકાલે PM રાજ્યની મુલાકાતે :

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 31 માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાશે  આવી રહ્યા છે. તેઓ રાજ્યના સર્વાંગી વિકાસ માટે 5 હજાર 295 કરોડથી વધુના 44 વિકાસ પ્રકલ્પોની  ભેટ આપશે. જેમાં અંદાજે 3 હજાર 400 કરોડથી વધુના 26 કામોનું ખાતમુહુર્ત અને 1 હજાર 800 કરોડથી વધુના 18 કામોનું લોકાર્પણ કરશે. તેઓ રાજ્યમાં 891 કરોડના રેલ્વે પ્રોજકટ્સનું પણ લોકાર્પણ કરશે.**

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજ્યના લાખો પરિવારોનું 'પોતાના ઘરનું સ્વપ્ન' સાકાર થયું છે. તેઓ અંદાજે **651** કરોડ રૂપિયા ના ખર્ચે નિર્માણ પામેલા **38** હજાર કરતા વધુ આવાસોનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત શ્રી મોદી સાણંદમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

ત્યારબાદ શ્રી મોદી વાવ-થરાદ ખાતે 'રાણી કી વાવ, વડનગર અને બાલારામ' માં **67** કરોડથી વધુના વિવિધ પ્રવાસન પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરશે.

---

## હર્ષ સંઘવી-સમીક્ષા બેઠક:

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધસંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના **ICC** સેન્ટર ખાતે દક્ષિણ ગુજરાતના વિવિધ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠક બાદ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે. કોઈ ગેસ સિલીન્ડર , પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

---

## જિલ્લામાં વસતી ગણતરી અભિયાન:

કેન્દ્ર સરકાર દ્વારા 1૫ વર્ષ બાદ વસ્તી ગણતરી અભિયાન હાથ ધરાનારું છે, ત્યારે સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ 20મી એપ્રિલથી વસ્તી ગણતરી અભિયાનનો પહેલો તબક્કો હાથ

ધરાશે. 20 મી એપ્રિલથી શરૂ થનારો વસ્તી ગણતરીનો તબક્કો 19 મી મે સુધી ચાલશે. જીલ્લામાં ચાર હજાર જેટલા અધિકારી અને કર્મચારીઓ ગણતરીકારો તરીકે આ કામગીરીમાં જોડાશે. હાલ તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પહેલા તબક્કામાં 33 જેટલા અલગ અલગ પ્રકારના પશ્નો પૂછવામાં આવશે. અત્રે જણાવીએ કે સામાન્ય રીતે વસ્તી ગણતરી 10 વર્ષે હાથ ધરાતી હોય છે, પણ આ વખતે કોરોનાને કારણે 1પ વર્ષ પછી ગણતરી હાથ ધરાવાની છે. કચ્છ સહિત સમગ્ર દેશમાં પ્રથમવાર ડિજિટલ માધ્યમથી વસ્તી ગણતરી હાથ ધરાવાની છે.

---------------------------------------------------------------------------------------------------

## પંડિત શ્યામજી કૃષ્ણવર્માની 96મી પુણ્યતિથિ:

કચ્છના ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની આજે 96 મી પુણ્ય તિથિ છે, એ નિમિતે ભુજમાં તથા તેમના જન્મ સ્થાન માંડવી ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## ગુજકેટ પરીક્ષા:

**ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગઈકાલે યોજાયેલી ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ. આ પરીક્ષામાં કુલ 1 લાખ 36 હજાર વિદ્યાર્થીઓએ નામાંકન કર્યું હતું.**

**પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે રાજ્યના તમામ 6 હજાર 857 બ્લોકને CCTV કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા. ઉપરાંત, 34 ઝોનના 668 કેન્દ્રોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પરીક્ષા ત્રણ તબક્કામાં યોજાઈ હતી.**

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

**હવામાન વિભાગે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટર્ફ અસરના કારણે તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.**

**સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ વરસાદની સાથે સાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક પવનની ઝડપ રહશે.**

**દરમ્યાન પશ્ચિમી વિક્ષોભની અસર હેઠળ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો.હવામાન વિભાગે આજે અને ત્યારબાદ ફરી ગુરૂ-શુક્રવારે પવન ગાજવીજ સાથે વરસાદ વરસવાની આગાહી કરી છે.**

---